ગાંધીનગર સમાચાર

વિશ્વ તમાકુ નિષેધ દિનની એસ.ટી.ડેપો ખાતે ઉજવણી

## @ગાંધીનગર

● દિવ્ય જીવન સંઘ દ્વારા સેકટર-૧માં ગાયત્રી શકિતપીઠ ખાતે સવારે ૭ કલાકથી દસ દિવસીય નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિરનો પ્રારંભ કરાશે.

### પંચદેવ મંદિરે રાહતદરે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે

ગાંધીનગરમાં તા. ૧૨મી જૂન રવિવારે સેકટર-૨૨માં પંચદેવ મંદિર ખાતે રાહત દરે મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનું આયોજન ડૉ. લાલ પેથોલોજી લેબોરેટરી તથા આશિષ પેથોલોજી લેબોરેટરી દ્વારા કરવામાં આવ્યું છે. આ કેમ્પ સવારે ૭.૩૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી યોજાશે.

આ મેડીકલ ચેકઅપ કેમ્પમાં વિવિધ પ્રકારના લેબોરેટરી ટેસ્ટીંગ જેવા કેલિપિડ પ્રોફાઈલ, વિટામીન બી-૧૨ તથા વિટામીન-સી, એચબીએ-વન-સી, ટીઉ-ટીર-ટીએસએચ જેવા અનેક ટેસ્ટ બજાર કરતા રાહત દરે કરવામાં આવશે. આ મેડીકલ ચેક અપ કેમ્પનો મોટી સંખ્યામાં લાભ લેવા આયોજકો દ્વારા નગરજનોને અનુરોધ કરવામાં આવ્યો છે.

# શહેરમાં પ્રથમવાર લાઈવ કુકીંગ શો

## શેફ કનિનિકા મહેતા અને બાળકોએ વિવિધ વાનગીઓ બનાવી : ઈન્ટરનેશનલ શેફે બે મિનિટમાં મગકેક બનાવી

ગાંધીનગર, તા. ૩૧

કુકીંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છતા યુવાનો અને ગૃહિણીઓને પ્લેટફોર્મ પુરૂ પાડવાના આશયથી શરૂ કરાયેલ ફેબ્યુલસ ફુડિઝ ક્લબ દ્વારા ગાંધીનગરમાં પ્રથમવાર લાઈવ કુકીંગ શો નું આયોજન કરવામાં આવ્યું હતું. શેફ કનિનિકા મહેતા અને બાળકોએ બે કલાક ચાલેલા આ કાર્યક્રમમાં વિવિધ વાનગીઓ બનાવી પ્રેક્ષકોની વાહવાહ મેળવી હતી.

હોટલ ઉદ્યોગ દિન પ્રતિનિદિન વિકસતો જાય છે. હોટલ-રેસ્ટોરન્ટમાં શેફ તરીકે જોડાવવુ એક પ્રતિષ્ઠાજનક કારકિર્દી બનતી જાય છે. નામાંકિત હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટમાં પ્રવેશ મેળવવા માટે રીતસર પડાપડી થાય છે. યુવાનો કુકીંગ ક્ષેત્રે અને હોટલ મેનેજમેન્ટ ક્ષેત્રે આગળ આવી શકે તે માટે શરૂ કરાયેલ ફેબ્યુલસ ફુડિઝ ક્લબ દ્વારા શહેરમાં પ્રથમવાર યોજાયેલ લાઈવ કુકીંગ શોને ખુબ સરસ પ્રતિભાવો પ્રાપ્ત થયા છે. ગાંધીનગરના જાણીતા શેફ કનિનિકા મહેતાએ આ શો માં ઉપસ્થિત પ્રેક્ષકોને વિવિધ એડવાન્સ ડેઝર્ટ બનાવતા શીખવ્યુ હતુ. આ ઉપરાંત બાળશેફ જય રાવલ, ઈશ્વા રાવલ, નંદિની રાવલ, શૌવિક રાવલ, ઝલ્લરી મહેતા, કર્ણવી મહેતા, તીર્થ પટેલ અને માહી રાજપુતે વિવિધ મોકટેલ બનાવ્યા હતા. ઈન્ટરનેશનલ નિરાલી દવેએ બે મિનિટમાં મગકેક બનાવી પ્રેક્ષકોની વાહવાહ મેળવી હતી. દિપાલી રાવલ દ્વારા આયોજીત આ અનોખા કાર્યક્રમમાં ત્રણસોથી વધુ પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીકે જાણીતા મહિલા અગ્રણી આશાબેન સરવૈયા અને કુકીંગ એક્સપર્ટ પરમજીત છાબડા ઉપસ્થિત રહ્યા છે.







# ઈન્ફોસીટીમાંથી ચોરાયેલ એકસેસ ૨૪ કલાકમાં મળી ગયું

ગાંધીનગર, તા.૩૧

ઈન્ફોસીટી ખાતે સ્થિત જય ગોગા કેન્ટીન પાસેથી ગઈ કાલે એક એકસેસની ચોરી થવા પામી હતી. આ ચોરીના એકસેસ સાથે ૨૪ કલાકમાં એક શખ્સને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડયો છે. ગઈ રાત્રે પેટ્રોલીંગ દરમિયાન નંબર વગરના ફરી રહેલા એકસેસના ચાલકને રોકી ઉંડાણપૂર્વક પુછપરછ કરતા જય ગોગા કેન્ટીન પાસેથી ચોર્યુ હોવાની કબુલાત કરી લીધી હતી. પોલીસે તેની ધરપકડ કરી તેના સાગરીતની શોધખોળ શરૂ કરી છે.

**ચોરીના એકસેસ સાથે ફરી રહેલા શખ્સને રાત્રી પેટ્રોલીંગ દરમિયાન પોલીસે દબોચી લીધો : આરોપીની ધરપકડ**

ઈન્ફોસીટી જય ગોગા કેન્ટીન પાસેથી ગઈકાલે રાત્રે નવેક વાગ્યાના અરસામાં એક એકસેસની ચોરી થવા પામી હતી. આ એકસેસ ચોરી સીસી ટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી હતી. ઈન્ફોસીટી પોલીસે સીસી ટીવી ફુટેજ મેળવીને તપાસ કરતા ઈકો સ્પોર્ટ ગાડીમાં આવેલા બે શખ્સોએ ગાડી કેન્ટીન નજીક મુકી અને ગાડીમાંથી એક શખ્સ ઉતર્યો હતો ત્યારબાદ એકસેસ ચોરી ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી. દરમિયાન ૨૪ કલાકમાં રાત્રે ચોરીનું એકસેસ શોધી કાઢયું હતું રાત્રે રીલાયન્સ ચોકડીથી શાહપુર ચોકડી તરફ નંબર વગરના એકસેસ સાથે દહેગામના જય દિનેશ રાઠોડને પકડી એકસેસ અંગે પુછપરછ કરી હતી. તેણે આ એકસેસ ગઈકાલે રાત્રે તેના મિત્ર સૌરભ રાજપુત સાથે મળીને ચોરી કર્યુ હોવાની કબુલાત કરતા પીએસઆઈ એમ.એસ. સોલંકીએ ઊંડી તપાસ શરૂ કરી છે.

## વાતવાતમાં


● મંગળવારે સવારે સે-૧૯ ખાતેથી ચાર રખડતી ભેંસોને મનપાના કર્મચારીઓએ પકડી મુકિતધામ અંતિમધામ પાછળની ડમ્પીંગ સાઈટ પાસે બનાવાયેલા ઢોરવાડા ખાતે પુરી દીધી હતી. આશરે ૧૧ વાગ્યાના સુમારે કેટલાક પશુપાલકોએ દાદાગીરીથી અહીં આવી ઢોરવાડાના તાળા તોડી ગેરકાયદેસર રીતે આ ભેંસો છોડાવી ચાલ્યા ગયા હતા.

● ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટ સંચાલિત કલાશ્રી સંસ્થા દ્વારા તેમના ડોલ્સ મ્યુઝિયમ તથા આંતરરાષ્ટ્રીય પ્રદર્શન કાર્યઅંતર્ગત નિઃશુલ્ક વર્કશોપ તેમજ તાલીમ શિબિરનું આયોજન કરાઈ રહ્યું છે. આ વર્કશોપમાં કોઈ પણ વયના નાગરિકો ભાગ લઈ શકશે અને સાથે સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારા સંસ્થાના પ્રોજેકટમાં યોગદાન આપી શકશે.

● વેકેશનનું છેલ્લુ સપ્તાહ હોવાથી નવા સત્રની તૈયારીના ભાગરૂપે વાલીઓએ બાળકોના નવા પુસ્તકો, ગણવેશ, દફતર તથા અન્ય આનુષંગિક ચીજવસ્તુઓની ખરીદી હાથ ધરી છે. આ સાથે રાહતદરે નોટબુક ચોપડાનું વિતરણ કરતી સંસ્થાઓ તથા સમાજના મિત્ર મંડળો પણ આ બાબતે સક્રીય બન્યા છે.

# આર્યસમાજ ખાતે પંચ દિવસીય ચરિત્ર નિર્માણ શિબિર યોજાયો

## શિબિરમાં બાળકોને યોગાભ્યાસ, પ્રાણાયામ, ધ્યાન, કુદરતી ઉપચાર, દિનચર્યા તથા નૈતિકતા અંગે સઘન તાલીમ અપાઈ



ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સેકટર-૨૪ ખાતે આર્યસમાજ મંદિર ખાતે તાજેતરમાં પંચ દિવસીય ચરિત્ર નિર્માણ શિબિર યોજાઈ ગયો. આ શિબિરમાં ૭૦ જેટલા શિબિરાર્થી બાળકોને યોગ, વ્યાયામ, પ્રાકૃતિક ચિકિત્સા, ધ્યાન, દિનચર્યા તથા નૈતિકતા અંગે સઘન તાલીમ આપવામાં આવી હતી.

સેકટર-૨૪માં આવેલ આર્યસમાજ મંદિર ખાતે હિન્દુ સંસ્કૃતિ આધારિત જીવન શૈલી અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં તા. ૨૪મી મેથી તા. ૨૮મી મે દરમિયાન બાળ ચરિત્ર નિર્માણ આધારિત પંચ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બાળકોને યોગાભ્યાસ તથા વ્યાયામ સાથે કુદરતી ઉપચાર અંગેનું પણ જ્ઞાન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકોને ધ્યાન ક્રિયાની તાલીમ આપવામાં આવી હતી. શિબિરમાં બાળકોને તેમની દિનચર્યા અંગે અગત્યની બાબતોથી માહિતગાર કર્યા હતા તેમજ જીવનમાં નૈતિકતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. શિબિરમાં આર્યસમાજ મંદિરના પંડિત શૈલેન્દ્ર મિત્ર શાસ્ત્રીજી તથા વર્ષાબેન દવેએ શિબિરાર્થી બાળકોને તાલીમ આપી હતી. તેમણે બાળકોને પ્રાણાયામથી માંડીને ચરિત્ર નિર્માણ સુધીની તાલીમ આપવા સાથે જીવનમાં આદર્શ ગુણો ખિલવવા પ્રેરિત કર્યા હતા. શિબિરના સમાપન સમારોહમાં અગ્રણી નાગરિકો અનિલભાઈ જોષી, રામભાઈ ચોરચા તથા કાઝીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શિબિરમાં સે-૨૪, ૨૫, ૨૬, ૨૭ તથા વિવેકાનંદ છાત્રાલયના બાળકોએ ભાગ લીધો હતો.

# વિશ્વ તમાકુ નિષેધ દિનની એસ.ટી. ડેપો ખાતે ઉજવણી

ગાંધીનગર, તા.૩૧

વિશ્વ તમાકુ નિષેધ દિન નિમિત્તે ગાંધીનગર એસ.ટી.ડેપો સ્ટાફ ડ્રાઈવર અને કડંકટરોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વિશ્વ તમાકુ દિન પ્રસંગે વ્યસનમુકિત માટે એસ.ટી. ડ્રાઈવર-કડંકટરોનો અપીલ કરાઈ હતી. ડ્રાઈવર-કડંકટરને હવાલે પોતાનું જીવન મુકતા મુસાફરોને હવે વાહન ચલાવતી વખતે તથા જીવનના તમામ અવસરે વ્યસન મુકત થઈ આપણા ભરોસે મુસાફરી કરતા મુસાફરો અને આપણા આશ્રયે જીવતા પરિવારોને ધ્યાનમાં રાખી વ્યસન મુકત થવા સમજ આપવામાં આવેલ હતી.

ગાંધીનગર શહેરના વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચ, મયુરભાઈ વ્યાસ, શ્રી કિશોરભાઈ જીકાદરા અને શ્રી સુધીર દેસાઈ દ્વારા દાખલાઓ, ટૂચકાઓ અને હકીકત આધારિત પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. એસ.ટી.ડેપો મેનેજર શ્રી કેતનભાઈ પટેલે પણ વ્યસન મુકિતનો સંદેશો આપીન આભાર વ્યકત કર્યો હતો.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ એસ.ટી.કર્મચારીઓ સાથે આવા જીવન જરૂરી કાર્યક્રમો કરતું રહે તેવી અપેક્ષા સેવી હતી.

## મહર્ષિ ફાઉન્ડેશન આયોજિત સમર બાસ્કેટબોલ લીગ

# ધી ઈન્વીન્સીબલ ચેમ્પિયન : દિલવાલે રનર્સ અપ : છ ટીમો વચ્ચે ૨૦ મેચ યોજાઈ

## ફાધર હેકટરના હસ્તે ચેમ્પિયન ટીમને ટ્રોફી એનાયત








ગાંધીનગર, તા.૩૧

બાળ ઉછેર માર્ગદર્શન અને યુવા-રમત ગમત પ્રવૃત્તિઓ કરતા સંગઠન મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના સહયોગથી 'સમર બાસ્કેટબોલ લીગ' નું શાનદાર આયોજન કરાયું હતું. પાંચ દિવસ દરમિયાન છ ટીમો વચ્ચે યોજાયેલી ૨૦ મેચ પછી સોમવારે સાજે યોજાયેલી રસાકસીભરી ફાઈનલ મેચમાં ધી ઈન્વીન્સીબલ ટીમે ૨૩-૧૮ ના સ્કોરથી દિલવાલે ટીમને હરાવીને સમર બાસ્કેટબોલ લીગ જીતી લીધી હતી.

ગાંધીનગરમાં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના બાસ્કેટબોલ કોટ ખાતે રમાયેલી સમર બાસ્કેટબોલ લીગમાં વિજેતા ટીમ-ધી ઈન્વીન્સીબલના કેપ્ટન મીત શાહ અને વિજેતા ખેલાડીઓને સેન્ટ ઝેવિયર્સના પ્રિન્સિપાલ ફાધર હેકટરના વરદ હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. દિલવાલે ટીમના કેપ્ટન રિષભ મલીકને રનર્સ-અપ ટ્રોફી અર્પણ કરાઈ હતી. ફાધર હેકટરે ખેલાડીઓને રમત-ગમતની જેમ રોજીંદા જીવનમાં પણ ખેલદિલીથી જીવવાની શીખ આપી હતી.

સમર બાસ્કેટબોલ લીગના બેસ્ટ પ્લેયર તરીકે યશ મહેતા ઘોષિત કરાયા હતા. તો રિષભ મલીકને પ્રોમીસીંગ પ્લેયરનો ખિતાબ અપાયો હતો. શ્રેષ્ઠ ખેલાડીને મહર્ષિ ફાઉન્ડેશન તરફથી 'બેસ્ટ પ્લેયર ઑફ ધી ટીમ' નો એવોર્ડ અપાયા હતા. ડ્રીમ કીલર્સના અભિષેક રેડ્ડી, ફાલ્કન્સના રૂકમીન સોની, એવેન્જર્સના ઉદય પંડીત અને સેન્ટ્રલ ફોર્સના અભિષેક ચૌધરીને બેસ્ટ પ્લેયર તરીકે સન્માનિત કરાયા હતા.

સમર બાસ્કેટ બોલ લીગના આયોજક શ્રી મહર્ષિ રાવલે સમાપન સમારોહમાં બોલતાં જણાવ્યું હતું કે, મહર્ષિ ફાઉન્ડેશન દ્વારા પ્રતિ વર્ષ ઉનાળુ વેકેશનમાં આ લીગનું આયોજન કરાશે. પ્રથમ આયોજનમાં જ ૬૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લેતાં તેમણે ખેલાડીઓનો આભાર માન્યો હતો. આ પ્રસંગે આભારદર્શન શ્રી યશ મહેતાએ કર્યું હતું.

# સિવિલ સંકુલમાં આવેલ યુવાનની રીક્ષા ગણતરીની મિનીટોમાં ચોરાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર હોસ્પિટલમાં ચોરીના બનાવો અટકવાનું નામ લેતા નથી. સંકુલમાં રીક્ષા ચાલક યુવાન દવા લેવા સ્ટોર પાસે ઉભો હતો તે દરમિયાન અચાનક કોઈ અજાણ્યો ઈસમ રીક્ષા લઈ ફરાર થઈ ગયો હતો. દવા લેવા જતા યુવાનની રીક્ષા ચોરી થયાની જાણ સંકુલમાં થતા હોહા મચી જવા પામી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં થોડા સમય પહેલા ચોરીના અસંખ્ય બનાવ બનવા પામ્યા હતા. સિવિલની સલામતીના નામે પ્રશ્નાર્થ મંડરાઈ રહ્યો છે. પરંતુ થોડા મહિનાથી ચોરીના બનાવો અટકયા હોય તેવુ લાગ્યું હતું. ત્યારે સિવિલમાં આવતા દર્દીઓ તેમજ સગાઓ દ્વારા થતા આડેધડ પાર્કીગને લઈ સમસ્યા સર્જાય છે. સિવિલ સંકુલમાં રોજ નીતનવા પ્રશ્નો સામે આવે છે. ત્યારે સંકુલમાં આવેલ મેડીકલ સ્ટોરમાં રીક્ષાચાલક દવા લેવા માટે પોતાની રીક્ષા મુકીને ગયો હતો. દવા લેવા માટે યુવાન ગણતરીની મિનિટ ઉભો રહ્યો હતો. તેવા સમયે જ કોઈ ચોર ઈસમ તેની રીક્ષા લઈ પલાયન થઈ ગયો હતો. પોતાની આંખ સામે જ રીક્ષા ચોરાતા ચાલક ગભરાઈ ગયો હતો. સંકુલમાં રીક્ષા ચોરી થયાની જાણ થતા સંકુલમાં પાર્ક કરેલા વાહનચાલકોમાં ભય ફેલાયો હતો. ચોર ઈસમોએ ફરીથી સંકુલને ટાર્ગેટ કર્યું હોય તેવું લાગી રહ્યું છે. સંકુલમાં પોલીસ પહેરો ગોઠવાય તેવું સિવિલમાં આવતા લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

# ટીન એજરમાં સિગારેટનું ભયજનક વળગણ

## અભ્યાસ અર્થે બહારગામ રહેતા સગીરોમાં સિગારેટનો શોખ, ખોટા બહાના કરી વાલીઓ પાસેથી મંગાવતા રૂપિયા

ગાંધીનગર, તા.૩૧

વિશ્વ તમાકુ નિષેધ દિવસ તરીકે ૩૧મી મે ને ઉજવવામાં આવે છે. વિશ્વભરના હેલ્થ ઓર્ગેનાઈઝેશન તમાકુને જીવલેણ હોવાનું જણાવી દુર રહેવા ચેતવણી આપે છે. પરંતુ દિન પ્રતિદિન તમાકુનું સેવન ઘટવાને બદલે વધી રહ્યું હોવાનું જણાઈ રહ્યું છે. જેમાં ચિંતાજનક બાબત એ છે કે ટીન એજરમાં સિગારેટનું વળગણ ભયજનક હદે વધ્યું છે. સિગારેટ પીવી એ મોભો અને શોખ બન્યો હોવાનો એક અંડર કરંટ માહોલ સર્જાયો છે જે વાલીઓ માટે ચિંતાનો વિષય બન્યો છે.

વિશ્વના અનેક દેશોમાં ધુમ્રપાન બંધ કરાવવા વિવિધ જાતના પ્રતિબંધો અમલમાં મુકાય છે છતાં પણ તમાકુથી મોત થયાના આંકડા દર વર્ષે વધી રહ્યા છે. સૌથી વધુ ભયજનક બાબતમાં ટીનએજરો ખાનગીમાં સિગારેટ પીવાના ભારે શોખીન બનતા જઈ રહ્યા છે. જેમાં અભ્યાસ અર્થે પોતાના પરીવારથી દુર બહારગામ રહેતા સગીરોમાં આ શોખ વધુ ફુલી ફાલ્યો છે. આ સગીરો પોતાના શોખને પોષવા અભ્યાસના બહાને વાલીઓ પાસેથી નાણાં મંગાવે છે



તો કેટલાક સગીરો આ સિગારેટ પીવા બાળ મજુરી કે ગુન્હાહિત પ્રવૃત્તિ તરફ આકર્ષાઈ રહ્યા છે.

ખાનગી રીતે કરેલા એક સર્વે અને ફકત જાણકારી હેતુ દેશના મોટા શહેરોમાં રહી હોસ્ટેલ કે મકાન ભાડે રાખી રહેતા ટીન એજર ઉપર નજર રાખતા ચોંકાવનારી આ બાબત બહાર આવવા પામી છે. જો કે સગીરોમાં ધુમ્રપાનનું ચલણ ઓછું કરવા ૧૮ વર્ષથી નીચેના લોકોને ઉત્પાદનો વેચવા સામે કડક કાયદો લાગુ કરાયો છે છતાં છાને છપને સગીરો અન્યના નામે સીગારેટ ખરીદીને પણ પોતાનો શોખ પોષી રહ્યા છે. ભારતમાં પણ સાર્વજનિક સ્થળોએ ધુમ્રપાન પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. છતાં કડક કાર્યવાહીના અભાવે આ બાબતે પણ ઢીલાશ જોવા મળી રહી છે. દેશભરના મુખ્ય શહેરો સિવાય પણ સગીરોનો સિગારેટ પીવાનો શોખ અન્ય સ્થાનોએ વત્તા ઓછા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. જો કે સગીરોની ગંભીર વર્તણુંકને જોનારા પુખ્તવયના લોકો નજર અંદાજ કરી રહ્યા છે જેમાં ખોટી બબાલ વ્હોરવાની ઝંઝટથી દુર રહેવાનો ફકત ઈરાદો હોય છે પરંતુ સરકાર દ્વારા ખાનગી રાહે પ્રતિનિધિઓ નિયુકત કરી આ ગંભીર અને ખતરનાક બાબતને અટકાવવી જોઈએ તેવી માંગ આ દિવસે લોકોએ કરી છે.

# ચુલો સળગાવતા દાઝી જવાથી ૮૦ વર્ષીય વૃધ્ધાનું મોત

## કેરોસીનનો કેરબો ઊંધો પડી જતા ઘટના સર્જાઈ હોવાની પ્રાથમિક માહિતી

ગાંધીનગર, તા.૩૧

પેથાપુર ગામના તરપોજ વાસમાં રહેતી ૮૦ વર્ષીય વદ્ધા બેજુબેન સોમાજી ઠાકોર આજે સવારના અરસામાં પોતાના ઘરે ચુલો સળગાવી રહ્યા હતા તે દરમિયાન અચાનક જાળ કપડે લાગતા ભડભડ સળગવા લાગ્યા હતા. ગંભીર રીતે દાઝી જવાથી તેમનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બપોરે સારવાર દરમિયાન પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતું. બેજુબેન ચુલો સળગાવતા હતા ત્યારે કેરોસીનનો કેરબો ઊંધો પડી જતા ગંભીર રીતે દાઝયા હોવાની પ્રાથમિક માહિતી પોલીસને મળી રહી છે. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. વાઘેલા જીવુભા શિવાજી, ઉ.વ.૮૫
- સ્વ. બ્રહ્મભટ્ટ સુભાષચંદ્ર જયપ્રસાદ, ઉ.વ.૭૪
- સ્વ. પટેલ હિરાબેન ગોપાળભાઈ પટેલ, ઉ.૮૦